# ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કોઓપરેટીવ
## કન્ઝયુમર્સ સ્ટોર્સ લિ.,નવસારી.

(નોંધણીનં . એમ/૭૭૯/૪૯૫ તા. ૦૫–૧૨–૧૯૭૭)

સ્થાપનાઃ તા. ૩૦/૬/૧૯૬૬

સહકાર ત્યાં સફળતા — વિના સહકાર નહી ઉધ્ધાર

# જાહેર વિજ્ઞપ્તિ

કૃષિ પરિવારના સર્વે ભાઈ બહેનોને સદર પત્રરૂપી માધ્યમ દ્રારા જયભારત પાઠવી ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કો. ઓ. કન્ઝુમર્સ સ્ટોર્સ લિ., નવસારી ની માહિતીની સાથે સાથે વ્યવસ્થાપક સમિતિની લાગણી આપ સમક્ષ જણાવતાં આનંદની લાગણી અનુભવું છું. અત્રેની કૃષિ યુનિવર્સિટી ખાતેની તમામ કચેરીઓ, ફરજ બજાવતાં તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા તમામ વસાહતીઓ જીવન જરૂરિયાતની ઘરવપરાશની તથા અન્ય ચીજ વસ્તુઓ કીફાયતી ભાવે ખરીદી શકે તે માટે વર્ષ ૧૯૭૭ થી શોપીંગ સેન્ટર ખાતે કૃષિ ભંડાર સહકારી ધોરણે કાર્યરત છે. જેમાં આપ સર્વેનો ઉમદા સાથ સહયોગ અને પ્રોત્સાહનના કારણે સદર સ્ટોર્સ વેપાર ઉપરાંત અનાજ દળવાની ઘંટી, શેરડીના રસનું કોલુ તથા ગેસ બીલ કલેકશન સેન્ટર જેવી પ્રવૃતિઓ આપ સૌના સાથ સહકારથી ચલાવી રહેલ છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામને જીવન જરૂરિયાતની તેમજ રોજીંદા વપરાશની તથા અન્ય ઓફીસ કામમાં વપરાતી વસ્તુઓ, સ્ટેશનરી અને ચીજ વસ્તુઓ કિફાયતી ભાવે પૂરી પાડવા સારૂ ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કો. ઓ. કન્ઝુમર્સ સ્ટોર્સ લિ., નવસારી (કૃષિ ભંડાર) સતત પ્રયત્નશીલ રહેલ છે. ફકત શેરધારકોના શેરભંડોળની મૂડી પર સંપૂર્ણ પણે દેવા મુકત પરિસ્થિતિમાં અત્યારે વેપારની કામગીરી ચાલી રહેલ છે અને આપ બધાના સાથ સહકારથી ઉત્તરોત્તર પ્રગતિના પંથે પ્રયાણ કરી ભંડારે ઓડીટ વર્ગ–બ પ્રાપ્ત કરેલ છે.

આપ સર્વે જાણો છો કે આજની તિવ્ર હરિફાઈના સમયમાં સહકારી ધોરણે ચાલતી સંસ્થાઓને આર્થિક સંકડામણનો પ્રશ્ન હંમેશા મુઝવતો હોય છે જેના સુખદ અને સફળ ઉકેલ માટે ભંડારનો વેપાર વધારવો ખૂબજ આવશયક થઈ પડેલ છે. સ્ટોર્સના સર્વાંગી વિકાસ અને અવિરત પ્રગતિ માટે વ્યવસ્થાપક સમિતિ સતત ચિંતિંત અને પ્રયત્નશીલ રહેલ છે. સમિતિનું માનવુ છે કે કૃષિ પરિવારના અભિન્ન અંગ સમાન, આપણા માટે, આપણા વડે અને આપણા દ્રારા સંચાલિત સદર સ્ટોર્સ માટે સમગ્ર કૃષિ પરિવારનો સાથ સહકાર ખૂબ જ આવશયક છે. જો કે સ્ટોર્સ પાસે જે મકાનની સુવિધા છે તેમાં ચોમાસામાં પાણીના ગળતરનો તથા ઉદરના સતત ઉપદ્રવના કારણે અનાજ–કરીયાણાનો વેપાર ઈચ્છા હોવા છતાં કરી શકાય તેમ નથી.

ઉપરોકત પરિસ્થિતિમાં સ્ટોર્સ અનાજ–કરિયાણા સિવાયની અન્ય ચીજ વસ્તુઓ જેવી કે સેનેટરી આઈટમો, સાબુ પાવડર બિસ્કીટ, ઠંડાપીણા તથા સ્ટેશનરી આઈટમોના વેચાણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી આપ સર્વેને સદર વસ્તુઓની ખરીદી સ્ટોર્સમાંથી જ કરીને આપનો અમૂલ્ય અને પ્રોત્સાહક સહયોગ પુરો પાડવા અનુરોધ સહ વિનંતી કરે છે.

વધુમાં જણાવવાનું કે સ્ટોર્સ જંતુનાશક દવાઓનું વેચાણ કરવાનો પરવાનો ધરાવે છે. જેથી યુનિવર્સિટીની તમામ કચેરીઓ જંતુનાશક દવાઓ તથા અન્ય સાધન સામગ્રી સ્ટોર્સ પાસેથી જ ખરીદીને સ્ટોર્સને વેપારની સાથે સાથે સ્ટોર્સના વિકાસ અને પ્રગતિમાં કિંમતી યોગદાન પુરૂ પાડે તે માટે અનુરોધ સહ વિનંતી કરે છે.

મા. કુલપતિશ્રી પણ ભંડારના વિકાસ અને પ્રગતિમાં ખાસ રસ દાખવી તમામ પ્રકારનો રચનાત્મક સહયોગ પૂરો પાડી રહેલ છે. આ જ સંદર્ભમાં તેઓશ્રીએ આપણી યુનિવર્સિટી તરફથી ઉત્પાદીત થતી વિવિધ બનાવટો/ચીજવસ્તુઓ ભંડાર મારફતે નિયત ભાવથી વેચાણ કરી શકાય તે માટે ઘટતી વ્યવસ્થા ગોઠવવા અનુમોદન આપેલ છે. સદર વ્યવસ્થા અંતગર્ત અત્રેની યુનિવર્સિટીના તમામ સંબધિત વડાશ્રીઓને શકય તેટલા ખાસ વળતરના લાભ સાથે વેચાણ અનુસાર બીલીંગ વ્યવસ્થા અપનાવી સહયોગ પુરો પાડવા ભંડારની નમ્ર અપેક્ષા સહ વિનંતી છે. આ સાથે સામેલ યાદી મુજબની તમામ ચીજવસ્તુઓ વ્યાજબી ભાવથી અને છાપેલી કિંમતે હાજર સ્ટોકમાં મળશે. જો સ્ટોકમાં વસ્તુઓ હાજર નહી હોય તો ઓર્ડર મળ્યેથી વહેલી તકે લાવી આપવામાં આવશે. આ અંગે આપશ્રીની અનુકુળતા પ્રમાણે ભંડારના પ્રમુખ/ઉપપ્રમુખ/મંત્રીને રૂબરૂમાં જણાવી આભારી કરવા વિનંતી છે. સ્ટોર્સના વિકાસ અને વેપારના સંદર્ભમાં આપશ્રીના કિંમતી સૂચનો આવકાર્ય અને ઉપયોગી હોય પુરા પાડતા રહી આભારી કરવા વિનંતી છે.

આભાર સહ.........

**સામેલઃ ચીજ વસ્તુઓની યાદી અને ભાવ**

આપના ઉમદા સહકારનો અભિલાષી

નવસારી
તા.૨૯/૬/૨૦૨૦

**પ્રમુખ**

**નકલ સવિનય રવાના જાણ તથા ઘટતુ થવા સારૂ પ્રતિ,**

(૧) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી
(૨) મા. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી
(૩) આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિધાલય,નવસારી
(૪) આચાર્યશ્રી, અસ્પી બાગાયત વ વનીય મહાવિધાલય, નકૃયુ. નવસારી
(૫) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, નકૃયુ. નવસારી
(૬) આચાર્યશ્રી, એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ, નકૃયુ. નવસારી
(૭) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, નકૃયુ. નવસારી
(૮) અત્રેની કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ તેમના તાબા હેઠળના અધિકારી/કર્મચારીઓને જાણ કરવા સારૂ વનંતી સહ

**નીચે જણાવેલ ચીજ વસ્તુઓ હાજર સ્ટોકમાં અને લગભગ બજારના ભાવે મળશે.**

| ક્રમ | વસ્તુનું નામ | જથ્થો | ભંડારનો ભાવ રૂા. |
|---|---|---|---|
| ૧. | મેગી નાની/મોટી | ૧ પેકેટ | ૫.૦૦/૧૦.૦૦ |
| ૨. | કોફી | ૧ પેકેટ | ૧૦.૦૦ |
| ૩. | બોર્નવીટા | ૧ પેકેટ | પ્રિન્ટ ભાવ |
| ૪. | પેન્ટીન શેમ્પુ | ૧ પાઉચ | પ્રિન્ટ ભાવ |
| ૫. | સનસીલ્ક શેમ્પુ | ૧ પાઉચ | પ્રિન્ટ ભાવ |
| ૬. | ડવ શેમ્પુ | ૧ પાઉચ | પ્રિન્ટ ભાવ |
| ૭. | કલીનીક પ્લસ શેમ્પુ | ૧ પાઉચ | પ્રિન્ટ ભાવ |
| ૮. | આમળા સાબુ (માથુ ધોવા) | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૯. | સિન્થોલ સાબુ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૦. | ગોદરેજ સાબુ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૧. | લિરીલ સાબુ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૨. | ડેટોલ સાબુ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૩. | લકસ સાબુ મોટા | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૪. | લકસ સાબુ નાના | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૫. | કોલગેટ પેસ્ટ (૫૦ગ્રામ) | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૬. | કોલગેટ પેસ્ટ (૧૦૦ગ્રામ) | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૭. | કોલગેટ પેસ્ટ (૧૫૦ગ્રામ) | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૮. | કોલગેટ પેસ્ટ (૨૦૦ગ્રામ) | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૧૯. | પેરાશૂટ કોપરેલ(૧૦૦ગ્રામ) | ૧ નંગ બોટલ | પ્રિન્ટ ભાવ |
| ૨૦. | પેરાશૂટ કોપરેલ(૨૦૦ગ્રામ) | ૧ નંગ બોટલ | પ્રિન્ટ ભાવ |
| ૨૧. | પોન્ડસ પાવડર | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૨૨. | પેન્શીલ સેલ | ૧ નંગ | ૧૩.૦૦ |
| ૨૩. | મીડીયમ સેલ | ૧ નંગ | ૧૫.૦૦ |
| ૨૪. | ગુડનાઈટ એડવાન્સ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૨૫. | વિમબાર સાબુ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૨૬. | લાઈફબાય સાબુ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૨૭. | જયંત ચા (૨૫૦ગ્રામ) | ૧ પેકેટ | ૮૫.૦૦ |
| ૨૮. | રબર બૂચ | ૧ નંગ | ૬૦.૦૦ |
| ૨૯. | ફૂલઝાડુ (૫૦,૬૫,૭૦,૭૫,૮૦,૧૦૦) | ૧ નંગ | ૫૦ - ૧૦૦.૦૦ |
| ૩૦. | બુતારા | ૧ નંગ | ૨૫/૩૫.૦૦ |
| ૩૧. | ટયુબ રોડ | ૧ નંગ | ૨૦/૪૦/૪૫.૦૦ |

| ક્રમ | વસ્તુનું નામ | જથ્થો | ભંડારનો ભાવ |
|---|---|---|---|
| ૩૨. | એસિડ | ૧ લીટર | ૨૦.૦૦ |
| ૩૩. | એસિડ | ૫ લીટર | ૧૦૦.૦૦ |
| ૩૪. | વોકર બ્લેક ફિનાઈલ | ૧ લીટર | ૫૦.૦૦ |
| ૩૫. | વોકર બ્લેક ફિનાઈલ | ૫ લીટર | ૪૫૦.૦૦ |
| ૩૬. | વ્હાઈટ ફિનાઈલ | ૧ લીટર | ૩૦.૦૦ |
| ૩૭. | વ્હાઈટ ફિનાઈલ | ૫ લીટર | ૧૫૦.૦૦ |
| ૩૮. | બલ્બ (૪૦, ૬૦ અને ૧૦૦વો) | ૧ નંગ | ૧૨.૦૦ |
| ૩૯. | ઉભા પોતા | ૧ નંગ | ૨૫૦/૩૦૦.૦૦ |
| ૪૦. | વાઈપર | ૧ નંગ | ૧૭૦/૧૫૦/૧૯૦.૦૦ |
| ૪૧. | પ્લાસ્ટિક સૂપડી | ૧ નંગ | ૬૦.૦૦ |
| ૪૨. | હોકી બ્રશ | ૧ નંગ | ૫૦/૭૫/૬૦.૦૦ |
| ૪૩. | રૂમ ફ્રેશનર | ૧ નંગ | ૧૦૦/૧૪૯/૧૫૦.૦૦ |
| ૪૪. | જાળા પાડવાના લાકડી ઝાડુ | ૧ નંગ | ૬૦.૦૦ |
| ૪૫. | ટોયલેટ કલીનર | ૧ લીટર | ૫૦.૦૦ |
| ૪૬. | ડામરની ગોળી | ૧ કિલો | ૩૨૦.૦૦ |
| ૪૭. | પોતા | ૧ નંગ | ૩૫.૦૦ |
| ૪૮. | ડસ્ટબીન | ૧ નંગ | ૧૫૦/૧૭૦/૧૬૦.૦૦ |
| ૪૯. | વાસણ ધોવાનો પાવડર | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૫૦. | વ્હીલ પાવડર | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૫૧. | વ્હીલ સાબૂ | ૧ નંગ | પ્રિન્ટ ભાવ |
| ૫૨. | પ્લાસ્ટિક ડોલ મોટી | ૧ નંગ | ૧૭૦/૨૦૦.૦૦ |
| ૫૩. | પ્લાસ્ટિક ડોલ નાની | ૧ નંગ | ૧૨૦/૧૫૦.૦૦ |
| ૫૪. | જાળા પાડવાનું મીડપર | ૧ નંગ | ૫૦.૦૦ |
| ૫૫. | જાળા પાડવાનું પ્લાસ્ટિક(૭૫,૧૦૦,૧૪૦,૧૫૦,૧૬૦) | ૧ નંગ | ૭૫-૧૬૦.૦૦ |
| ૫૬. | સેનેટાઈઝર સાદુ | ૫૦૦ગ્રામ | ૨૨૦.૦૦ |
| ૫૭. | સેનેટાઈઝર હેવી | ૫૦૦ગ્રામ | ૪૦૦.૦૦ |
| ૫૮. | સેનેટાઈઝર સાદુ | ૫ લિટર | ૧૫૫૦.૦૦ |
| ૫૯. | સેનેટાઈઝર હેવી | ૫ લિટર | ૨૨૦૦.૦૦ |
| ૬૦. | કોટન માસ્ક | ૧ નંગ | ૨૦.૦૦ |
| ૬૧. | કોટન માસ્ક | ૧ નંગ | ૨૫.૦૦ |
| ૬૨. | સેલોટેપ | ૧ નંગ | ૨૦/૩૦.૦૦ |

| ક્રમ | વસ્તુનું નામ | જથ્થો | ભંડારનો ભાવ |
|---|---|---|---|
| ૬૩. | ઈનો | ૧ નંગ | ૮.૦૦ |
| ૬૪. | વિક્સ | ૧ નંગ | ૨૦ |
| ૬૫. | કાપડ બ્રશ | ૧ નંગ | ૩૦/૪૦/૪૫.૦૦ |
| ૬૬. | નેપકીન | ૧ નંગ | ૩૦/૩૫.૦૦ |
| ૬૭. | તારના નોરા | ૧ નંગ | ૨૦.૦૦ |
| ૬૮. | ચા મસાલા | ૧ નંગ | ૨૦.૦૦ |
| ૬૯. | ફેરનલવલી | ૧ નંગ | ૯.૦૦ |
| ૭૦. | કપડાની ક્લીપ | ૧ નંગ | ૩૦/૪૮.૦૦ |
| ૭૧. | કાથી પગલુછણીયા | ૧ નંગ | ૧૬૦.૦૦ |

## નીચે જણાવેલ કઠોળ હાજર સ્ટોકમાં અને લગભગ બજારના ભાવે મળશે.

| ક્રમ | વસ્તુનું નામ | જથ્થો | ભંડારનો ભાવ રૂા. |
|---|---|---|---|
| ૭૨. | દેશી ચોળી | ૧ કિલો પેકીંગ | ૧૦૦/- |
| ૭૩. | અળદ | ૧ કિલો પેકીંગ | ૧૦૦/- |
| ૭૪. | તુવેર | ૧ કિલો પેકીંગ | ૧૦૦/- |
| ૭૫. | તુવેર દાળ | ૧ કિલો પેકીંગ | ૧૦૦/- |
| ૭૬. | મસુર દાળ | ૧ કિલો પેકીંગ | ૧૦૦/- |
| ૭૭. | ચણા | ૧ કિલો પેકીંગ | ૮૦/- |
| ૭૮. | નાગલી પાપડી | ૧ કિલો પેકીંગ | ૨૫૦/- |

- **આ સિવાય આપના રોજ બરોજના ઉપયોગમાં અને ઘરવપરાશમાં આવતી વસ્તુઓ જણાવવા વિનંતી છે જેથી અત્રેના ભંડારમાં હાજર સ્ટોકમાં રાખી અને આપી શકાય.**
- **આ બાબતે આપના લેખિત સૂચનો ભંડાર ઉપર આપવા વિનંતી છે.જેની સમીક્ષા કરી જે તે કાર્યવાહી કરવામાં આવશે.**
- **અત્રેથી આપવામાં આવતી તમામ ચીજવસ્તુઓ રોકડ તથા (ઓફીસ માટે) ઉધાર બીલ ઉપર આપવામાં આવશે.**

નવસારી
તા.૨૯/૬/૨૦૨૦

પ્રમુખ
ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કોઓપરેટીવ કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લિ.,નવસારી.
(કૃષિ ગ્રાહક ભંડાર)